જે તકલીફ વગર ફાયદો મેળવવા જાય છે, એને ફાયદો મળ્યા પછી તકલીફ થાય છે
- ફ્રાંસિસ બેકન

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૦૯ | ૮ ઓક્ટોબર, ૨૦૧૨, સોમવાર; નિજ ભાદરવા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આજે જિલ્લામાં મોદી V/S મોઢવાડિયાનો જંગ

બન્ને નેતાઓના કાર્યક્રમોનો પ્રારંભ દહેગામથી થતો હોવાને લઈ રાજકીય ઉત્તેજનાઓથી માહોલ ગરમાયો

ગાંધીનગર, તા. ૭

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થયા બાદ આજે ગાંધીનગર જિલ્લામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અર્જુન મોઢવાડિયા અને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના સામસામા કાર્યક્રમોના આયોજનોને લઈ જિલ્લા તંત્રની દોડધામ વધી જવા સાથે રાજકીય નિરીક્ષકોમાં પણ મોદી V/S મોઢવાડિયાના આ જંગને લઈ ભારે રાજકીય ઉત્સુકતાઓ જોવા મળી રહી છે.

બન્ને નેતાઓના પ્રવાસનો પ્રારંભ દહેગામથી થાય છે એ યોગાનુયોગ છે. કોંગ્રેસ પક્ષ કહે છે કે અમારો કાર્યક્રમ પૂર્વનિર્ધારીત હતો. ભાજપના આગેવાનો પણ મુખ્યમંત્રીના કાર્યક્રમને લઈ ઉત્સાહિત છે.

જિલ્લાના રાજકારણમાં દહેગામનું રાજકારણ હંમેશા ટર્નીંગ પોઈન્ટ રહ્યુ છે. દહેગામ એક તબક્કે ભાજપના ગઢ સમાન ગણાતુ હતુ પરંતુ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો પરાજય થતાં કોંગ્રેસે ૧૫ વર્ષ પછી સત્તા મેળવી છે. દહેગામ વિધાનસભા મતવિસ્તારની બે પેટા ચૂંટણીઓ પણ યોજાઈ હતી. જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લામાં આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નીકળેલી વિવેકાનંદ યાત્રા પ્રવેશ કરવાની છે તેના થોડા સમય પૂર્વે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અર્જુન મોઢવાડિયા દહેગામ ખાતે જ ઘરના ઘર યોજનાના ફોર્મ પરત મેળવવાના કાર્યક્રમ અંતર્ગત મહિલાઓ સાથે સીધો સંવાદ કરશે.

મળતી વિગતો પ્રમાણે પેટ્રોલ પંપ નજીકની વાડીમાં શ્રી મોઢવાડિયા સવારે ૧૦.૩૦ કલાકે પહોંચશે જ્યાં પ્રદેશ અને જિલ્લાના આગેવાનો દ્વારા સ્વાગતની ઔપચારિકતા બાદ તેઓ મહિલાઓ જે ગ્રામ્ય વિસ્તારમાંથી

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર અને ખેડા જિલ્લામાં ભાજપની આજે વિકાસ યાત્રા

અમદાવાદ, તા. ૭

૧૧ સપ્ટેમ્બરના રોજ બહુચરાજીથી પ્રારંભ થયેલી ભાજપાની વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા ૮મી ઓક્ટોબરે અમદાવાદ, ખેડા અને ગાંધીનગર જિલ્લામાં જનસંપર્ક કરશે. જાહેરસભાઓ ગજવશે. ૯મી ઓક્ટોબરના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લામાં વિવેકાનંદ યુવા વિકાસના જનસંપર્ક કરશે.વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સોમવારે સવારે ૧૦.૦૦ કલાકે ધોળકાથી પ્રારંભ થશે. ૮ ઓક્ટોબરના રોજ ૮ સ્થાનો પર સભાઓ યોજાશે. આ સભાઓને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરસોત્તમ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ આર. સી. ફળદુ સહિત આગેવાનો સંબોધશે.તા. ૮ અને ૯ ઓક્ટોબરના વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાના કાર્યક્રમની વિગતો આપતાં ભાજપાના મીડીયા ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે ૮ ઓક્ટોબરે સવારે ૧૦.૦૦ કલાકે યાત્રા ધોળકાથી સભા યોજી પ્રારંભ થશે. ધોળકાથી રઢુ ખાતે સ્વાગત કરશે. રઢુથી ખેડા,

● અનુસંધાન પાન-૭ પર

અનામી મૃતકોનું શ્રાદ્ધ કરવાનો અનોખો શિરસ્તો જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા ચાલી રહ્યો છે. એ જ કમમાં ગત વર્ષ દરમ્યાન સદ્‌ગતિ પામનારા ૨૪ અનામી મૃતકોનું શ્રાદ્ધ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરના શારીરિક-માનસિક વિશિષ્ટ બાળકોને ભોજન પણ અર્પણ કરવામાં આવ્યું હતું. **(તસ્વીર : દિપક જાની)**

ઉમેદવારોની પસંદગી માટે ભાજપ- કોંગી દ્વારા કવાયત

ચૂંટણીની તૈયારીમાં બન્ને પક્ષો વ્યસ્ત બન્યા : ભાજપની કોર કમિટીમાં નિરીક્ષકોના નામો નક્કી કરાયા કોંગ્રેસની ચકાસણી સમિતીની ૧૦મીએ મહત્વપૂર્ણ બેઠક

ગાંધીનગર, તા. ૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની વિધિવત જાહેરાત કરાયા બાદ ભાજપ અને કોંગ્રેસમાં ઉમેદવારોની પસંદગી માટે કવાયત હાથ ધરવામાં આવી છે. ભાજપની કોર કમિટીની બેઠક ગાંધીનગરમાં મળી હતી. જેમાં ઉમેદવારોની પેનલો તૈયાર કરવા માટે જિલ્લા નિરીક્ષકોના નામો નક્કી કરાયા છે જે બે-ત્રણ દિવસમાં જ જાહેર કરાશે જ્યારે કોંગ્રેસ દ્વારા તા. ૧૦મી ઓક્ટોબરના રોજ દિલ્હી ખાતે સ્ક્રુટીની કમિટીની બેઠક મળશે.

ભાજપ અને કોંગ્રેસ દ્વારા નવરાત્રિ બાદ ઉમેદવારોના નામોની વિધિવત જાહેરાત કરી દેવામાં

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લા તંત્ર ચૂંટણી માટે તૈયાર

ગાંધીનગર, તા.૭

વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાં જ જિલ્લા તંત્ર ચૂંટણીના મિશન મોડ પર મુકાઈ ગયું છે. જિલ્લા તંત્ર દ્વારા આચારસંહિતાના અમલની સાથે સાથે વિવિધ સમિતિઓની રચના અને કર્મચારીઓની તાલિમની કામગીરીનો આરંભ થઈ ગયો છે.

જિલ્લામાં આચાર સંહિતાના અમલને લઈ આજ સાંજ સુધી ત્રણ હજાર જેટલા બેનરો, પોસ્ટરો હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા છે તો ૨૫૦થી પણ વધુ દિવાલો પર લખાયેલા સૂત્રો પર ચૂનો ચોપડી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લા તંત્ર દ્વારા વિડીયો વ્યુવીંગની ટીમે પણ તેની કામગીરીનો આરંભ આજથી કરી દીધો છે. આ માટે કલેકટર કચેરી ખાતે ખાસ જગ્યાની ફાળવણી કરવામાં આવી છે.

જિલ્લામાં ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ચૂંટણીની કામગીરી માટે કર્મચારીઓની નિમણુંકની કાર્યવાહી પણ લગભગ સંપન્ન થઈ ગઈ છે તો વલ્નરેબલ મતદાન મથકોના મેપીંગ માટેની કાર્યવાહીનો બીજો તબક્કો પણ આગામી સપ્તાહમાં સંપન્ન થઈ જશે. આ પછી જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ વડા દ્વારા આ મેપીંગને લઈ સંયુક્ત પ્રવાસ કરી અને તેને આખરી કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તંત્ર દ્વારા હાલ મતદાન મથકોની મુલાકાતનો સિલસિલો

● અનુસંધાન પાન-૭ પર